URBAN HEALTH SOCIETY
AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185

## અ.મ્યુ.કો. માં હેલ્થ વિભાગમાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ ખાતે ફાર્માસિસ્ટ તથા લેબોરેટરી ટેકનીશીયનની ૧૧ માસના કરાર ધોરણે ભરતી કરવા બાબત

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હેલ્થ વિભાગમાં નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ ખાતે ૧૧ માસના કરાર ધોરણે ફાર્માસિસ્ટની ૧૦ જગ્યાઓ તથા લેબોરેટરી ટેકનીશીયનની વખતોવખત ખાલી થનાર જગ્યાઓ માટે પ્રતિક્ષાયાદી બનાવવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ આરોગ્યસાથી વેબસાઈટ https://arogyasathi.gujarat.gov.in ના PRAVESH મોડ્યુલમાં current opening ની લીંક પરથી અરજી ફોર્મ ડાઉનલોડ કરી (જરૂરી શૈક્ષણિક લાયકાત અનુભવ/ અન્ય પ્રમાણપત્રો સહિત) તા.૨૩/૦૯/૨૦૨૪ થી તા.૦૧/૧૦/૨૦૨૪ સુધીમાં સાંજના ૦૬.૦૦ વાગ્યા સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. સરકારી/કોર્પોરેશન/ખાનગી સંસ્થામાં સંલગ્ન પોસ્ટ માટેનો અનુભવ ધરાવતા તથા બેઝીક કોમ્પ્યુટર સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને મેરીટ લીસ્ટમાં અગ્રતા આપવામાં આવશે.

| ક્રમ | જગ્યાનું નામ | જરૂરી શૈક્ષણિક લાયકાત | ખાલી જગ્યાઓ | ઉંમર | માસિક ફિક્સ વેતન |
|---|---|---|---|---|---|
| ૧ | ફાર્માસિસ્ટ | ૧. માન્ય યુનિવર્સીટીમાંથી ફાર્મસીની ડિગ્રી અથવા ડીપ્લોમાં ધરાવતા હોવા જોઈએ<br>૨. ગુજરાત ફાર્મસી કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન હોવું જોઈએ. | ૧૦ | મહત્તમ ૪૫ વર્ષ | રૂ.૧૬,૦૦૦/- |
| ૨ | લેબોરેટરી ટેકનીશીયન | ૧. સરકાર માન્ય યુનિવર્સીટીમાંથી બી.એસ.સી (કેમેસ્ટ્રી/માઈક્રોબાયોલોજી) અથવા એમ.એસ.સી. (ઓર્ગેનોકેમેસ્ટ્રી/માઈક્રોબાયોલોજી) ની ડીગ્રી ધરાવતા હોવા જોઈએ.<br>૨. સરકાર માન્ય સંસ્થામાંથી એમ.એલ.ટી. પાસ હોવા જોઈએ. | પ્રતિક્ષાયાદી બનાવવા | મહત્તમ ૪૫ વર્ષ | રૂ.૨૦,૦૦૦/- |

શરતો :

1. અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવના તમામ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અપલોડ કરવાની રહેશે. અધુરી વિગત ભરેલ અરજી તથા અરજીમાં દર્શાવ્યા મુજબના પ્રમાણપ્રત્રની નકલ જોડેલ નહી હોય તો તેવી અરજી રદબાતલ ગણવામાં આવશે.
2. આ જગ્યાની ભરતી પ્રક્રિયાના અનુસંધાને જાહેરાતમાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો ખાતાના ઉચ્ચ અધિકારીને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે જવાબ આપવા બંધાયેલ રહેશે નહિ.
3. સિલેક્ટ થયેલ ઉમેદવારની નિમણુક ૧૧ માસ માટે રહેશે. કોન્ટ્રાકટ પૂર્ણ થતા કર્મચારીની કામગીરી સંતોષકારક હેશે તો ૦૧ દિવસનો બ્રેક આપી તેનો કોન્ટ્રાકટ રીન્યુ કરવામાં આવશે.
4. સિલેક્ટ થયેલ ઉમેદવારે ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદના વખતો વખત નક્કી થતા ધારાધોરણો પ્રમાણે કામગીરી કરવાની રહેશે.

# URBAN HEALTH SOCIETY

AHMEDABAD MUNICIPAL CORPORATION
Second Floor, "Aarogya Bhavan", Old TB Hospital Compaund, Opp. Gita Mandir S.T. Bus Stand, Gita Mandir Road, Ahmedabad. – 380022.
Email ID : hr.hodnuhm@gmail.com Tel : 079-25392185

5. નિમણુંક થયેલ ઉમેદવારોએ નિમણુક અગાઉ નેશનલ હેલ્થ મિશન અંતર્ગત ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ સાથે કરાર કરવાનો રહેશે અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કોઈ હક્ક દાવો રહેશે નહિ.
6. ઉપરની જગ્યા માટે જે તે તબકકે કોઈપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણુક રદ કરવામાં આવશે.
7. ઉમેદવારના માર્ક્સ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે યુનિવર્સીટી માંથી ડીગ્રી મેળવી હોઈ તે યુનિવર્સીટીનું ગ્રેડને ટકાવારી માં ફેરવવા અંગેનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
8. સ્ટેટ હેલ્થ સોસાયટી દ્વારા વખતો વખત મળતી સુચના મુજબ પગાર ધોરણ માં સુધારા વધારા કરવામાં આવશે.
9. પસંદગી પામેલ ઉમેદવારને સક્ષમ સત્તાધિકારી દ્વારા નક્કી કરવામાં આવેલ શરતોને આધીન નિમણુક મળવા પાત્ર થશે.
10. ઉમેદવાર દ્વારા ઓનલાઈન અરજી તથા અપલોડ કરવામાં આવેલ પ્રમાણપત્રોને આધારે મેરીટ લિસ્ટ તૈયાર કરવામાં આવેલ હોવાથી ઉમેદવારને પોસ્ટીંગ ઓર્ડર આપતા પહેલા અસલ પ્રમાણપત્રો શહેરી કુટુંબ કલ્યાણ એકમ ખાતે વેરીફાઈ કરાવવાના રહેશે તથા તેમાં કઈ પણ ક્ષતિ જણાશે અથવા ઉમેદવાર દ્વારા અપલોડ કરવામાં આવેલ પ્રમાણપત્રોની અસલ નકલ રજુ કરવામા ના આવે તો તે ઉમેદવારનું નામ મેરીટ લીસ્ટમાંથી કમી કરવામાં આવશે.
11. ઉમેદવારની નિમણુંક અંગે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા સુધારો સૂચવવામાં આવે તો તે મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજુરીથી તેમાં સુધારો કરવામાં આવશે.

મેમ્બર સેક્રેટરી
ધી અર્બન હેલ્થ સોસાયટી, અમદાવાદ